# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર વર્ષો જુનો રસ્તો બંધ કરવામા આવતા વિરોધ

## નાનીભાગોળ, બજાર ચોક સહિતના નગરજનો દ્વારા વિરોધ : વર્ષો જુનો રસ્તો બંધ થશે તો આંદોલનની ચિમકી : રસ્તો બંધ થશે તો સામે પહોચવા માટે બે કિલોમીટરનું અંતર વધશે : નગરપાલિકાના પ્રમુખ સહિત કોર્પોરેટરો પણ દોડી આવ્યા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર વર્ષો જુનો રસ્તો બંધ કરતા નગરજનોએ વિરોધ નોધાયો હતો. રસ્તો બંધ કરવામાં આવશે તો આવનારા દિવસોમાં નગરજનોની આંદોલનની ચિમકી આપી હતી. નગરપાલિકાના પ્રમુખ સહિત કોર્પોરેટરો પણ દોડી આવ્યા હતા.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર હાલ રોડના કામને લઈને પ્રાંતિજ નાનીભાગોળથી જતો વર્ષો જુનો રસ્તો બંધ કરવામાં આવતા સામેની બાજુએ આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર, સિવિલ હોસ્પિટલ, આઈટીઆઈ, સ્મશાનગૃહ ખાતે જવાનો જો રસ્તો બધ થશે તો માત્ર સામે




જવા માટે હાલ તો બે કિલોમીટરનું અંતર વધશે જેથી નાનીભાગોળ તથા બજાર વિસ્તારના રહીશો. નગરજનો, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, નગરપાલિકાના કોર્પોરેટર નિખીલભાઈ પટેલ, નગરપાલિકાના કોર્પોરેટર ગોવિદસિંહ સહિતના કોર્પોરેટરો દોડી આવ્યા હતા અને ચાલી રહેલ કામનો વિરોધ કરી કામ બંધ કરાવી રસ્તો બંધ કરવા માટે કરવામાં આવેલ સેન્ટીગ કોન્ટ્રાકટર દ્વારા ખુદ ખોલી લેવડાવવામા આવ્યું હતું અને જો આવનારા દિવસોમાં અહીં રસ્તો મુકવામાં નહી આવે તો ઉપસ્થિત લોકો દ્વારા આંદોલનની ચિમકી પણ આપી હતી. ત્યારે હાલ તો રોડ કોન્ટ્રાકટર દ્વારા સેન્ટીંગ ગોઠવેલ ખોલી દુર કરવામાં આવ્યું છે અને હાલ તો મામલો થાળે પાડ્યો હતો. ત્યારે હવે જોવુ એ રહ્યું કે અહીં આ વર્ષો જુનો રસ્તો ચાલુ રહેશે કે પછી ગ્રામજનોને સામે જવા માટે બે કિલોમીટરના ચક્કર કાપવા પડશે એ તો હવે આવનારા દિવસોમાં જ ખબર પડશે.

# પાલનપુરમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ

## બનાસકાંઠામાં સવારે ધૂમમ્સ સાંજે ભારે વરસાદ ખાબક્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પાંચ દિવસની વરસાદની આગાહી વચ્ચે શનિવારે એકાએક વાદળો ચડી આવ્યા હતા. અને પાલનપુરમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં વરસાદ પડતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી. વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા



વાતાવરણમાં પલટો નોંધાયો હતો. જ્યાં વહેલી સવારે ગ્રામિણ વિસ્તારોમાં ગાઢ ધૂમમ્સ છવાયા બાદ બપોર પછી કાળા ડિબાંગ શનિવારે એકાએક વાતાવરણમાં પલટો નોંધાયો હતો. જ્યાં વહેલી સવારે ગ્રામિણ વિસ્તારોમાં ગાઢ ધૂમમ્સ છવાઈ ગયું હતું. વાદળો જાણે જમીન ઉપર ઉતરી આવ્યા હોય એમ હિલ સ્ટેશન જેવો નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. નજીક નજીકના અંતરે પણ જોઈ શકાતું ન હોઈ વાહન ચાલકોને હેડ લાઈટો ચાલુ કરવાની ફરજ પડી હતી.દરમિયાન બપોર પછી કાળા ડિબાંગ વાદળો ચડી આવ્યા હતા. અને પાલનપુર, વડગામ, અમીરગઢ સહિતના વિસ્તારોમાં ગાજ વીજ સાથે ભારે હતા.પાલનપુરમાં બપોર પછી બે કલાકમાં બે ઈંચ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. જ્યાં મફતપુરા વિસ્તારમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. રહીશો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આ અંગે સ્થાનિક રહીશ મજહરભાઈ કુરેશીએ જણાવ્યુ હતું કે, અમારા વિસ્તારમાં પાણીના નિકાલ માટે પાઈપ લાઈન નાંખવા નગરપાલિકામાં વારંવાર રજુઆત કરવામાં આવી હતી. જોકે, પાલિકાએ પાઈપ લાઈન નાખવાનું કામ શરૂ કર્યા પછી અડધું બાકી રાખતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

# ભિલોડા તાલુકાના કારછા પંચાયતના નવાવેણપુર ગામે આઝાદીના દાયકાથી ગ્રામજનો સ્મશાનનો રોડ-રસ્તાથી વંચિત

ભિલોડા, તા. ૧૩

ભિલોડા તાલુકાની કારછા ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં સમાવેશ ગામ નવાવેણપુર આ ગામ કહેવા પૂરતું જ છે. આખા ગામમાં એક જ સ્મશાન આવેલ છે જે અંતિમ ક્રિયા માટે ગામલોકો દ્વારા ઉપયોગમાં લેવાય છે પરંતુ સ્મશાનમાં જવા પ્રાથમિક સુવિધા સ્મશાન તેમજ રસ્તો ગામના માર્ગો, પેટા આરોગ્ય કેન્દ્ર, પશુ દવાખાનુ જે હાલની સ્થિતિએ બહુ જરૂરી પાયાની સેવાઓ છે. સરકારીતંત્ર દ્વારા પણ વિકાસ ગાથા ગાઈ દર વર્ષે આયોજન કરી વિકાસના કામો કરવામાં આવે છે પરંતુ ગામની મૂળભૂત પ્રાથમિક જરૂરિયાતો પર



માટે નથી રસ્તો કે નથી પગદંડી. વાત હાલ ચોમાસાની સિઝનમાં સ્મશાને આવવા-જવા ગ્રામજનોએ નનામી લઈ ઉભા પાકમાં થઈ જવું પડે છે. ગ્રામજનો દ્વારા દર વર્ષે રજૂઆત કરવામાં આવે છે પરંતુ સરકારી કચેરીઓ જાણે આંખ આડા કાન કરી લીધા છે. આઝાદી પછીના દિવસોમાં ગ્રામજનો દ્વારા અંતિમ ક્રિયા હેતુ ગ્રામીણ ભગોળ સ્મશાનની જગ્યા કરેલ પરંતુ છ દાયકા વીત્યા બાદ પણ કોઈ પણ પ્રકારનો રસ્તો બનેલ નથી, ત્યારે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. ગ્રામ પંચાયતની પણ ઘોર બેદરકારી સામે આવી છે આટલા વર્ષો પછી પણ ગામમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહેલ છે જેમાં બિલકુલ ધ્યાન આપવામાં આવતું નથી તે જોતા એમ લાગે છે કે વિકાસની માત્ર વ્યાખ્યા છે. આ બાબતે ગ્રામ પંચાયત તેમજ તાલુકા પંચાયત દ્વારા શુ પગલા લેવામાં આવે છે તે જોવું રહ્યુ. ગ્રામજનોના મંતવ્ય જાણતા અનેકવાર તેઓ રજૂઆત કરી ચૂક્યા છે પરંતુ આયોજનમાં લીધુ છે એવી જ વાતો સાંભળવા મળી છે. છેલ્લા ૨૦ વર્ષથી આયોજનમાં લેવાયું હોવા છતાં હજી સુવિધાઓની બાબતોમાં કોઈ પ્રગતિ જોવા મળી નથી આટલી જાણ કરવાથી ગ્રામ પંચાયત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આટલા વર્ષોથી જાણ કરવા છતાં તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી.

# બનાસડેરીના વાઈસ ચેરમેન દ્વારા ચૂંટણી પ્રક્રિયા રોકવા કરાયેલી પિટિશન હાઈકોર્ટે નકારી

## સરકારના પરિપત્ર મુજબ ચૂંટણી યોજવા પિટિશન કરાઈ હતી

પાલનપુર

બનાસડેરીના વાઈસ ચેરમેન દ્વારા નિયામક મંડળની ચૂંટણી પ્રક્રિયા કોવિડના પગલે સરકારના પરિપત્ર મુજબ યોજવા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. જેની સુનાવણીમાં કોર્ટે શનિવારે આ પિટિશન ફગાવી દીધી છે.

બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા બનાસડેરીના નિયામક મંડળની ચૂંટણી પ્રક્રિયા કોવિડના પગલે ન યોજવા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. જેની સુનાવણીમાં કોર્ટે શનિવારે આ પિટિશન ફગાવી દીધી છે. આ અંગે બનાસડેરી દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, બનાસડેરીની ચૂંટણી બંધ રખાવવા માવજીભાઈ દેસાઈએ ગુજરાત હાઈ કોર્ટમાં તારીખ ૪/૯/૨૦૨૦ના રોજ રાજ્ય સરકારને પ્રતિવાદી બનાવી ચૂંટણી બંધ રખાવવા દાદ માંગી હતી. જે અરજી ચાલી જતાં હાઈ કોર્ટે તારીખ ૧૧/૯/૨૦૨૦ના રોજ અરજી નકારી દીધી છે. અને બનાસડેરીની ચૂંટણી બંધ રાખવા કોઈ હુકમ કરેલ નથી. પરિણામે ડેરીની ચૂંટણી સમયસર જ યોજાશે. હવે ૨૭ ડિસેમ્બર ૨૦૨૦ બાદ સમયસર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

### સરકારના પરીપત્ર મુજબ ચૂંટણી થવી જોઈએ : માવજીભાઈ દેસાઈ

કોરોના મહામારી દરમિયાન રાજ્યપાલના આદેશનુંસાર સહકાર વિભાગના સચિવે તારીખ ૨૫/૮/૨૦૨૦ ના પરિપત્ર મુજબ કોવિડને લઈ ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ પછી જ સહકારી સંસ્થાઓની ચૂંટણી યોજવા આદેશ કરવામાં આવ્યો છે. જે પરીપત્ર મુજબ જ ડેરીની ચૂંટણી કરવા માટે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. અમોએ સરકારની તરફેણ કરી છે. વિરોધ નહી. સરકારના પરીપત્ર મુજબ ચૂંટણી થવી જોઈએ.

# બનાસકાંઠામાં કોરોનાના અગિયાર પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના વધુ ૧૧ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૩૦૭પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શનિવારે વધુ ૧૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૩૦૭ પહોંચી ગઈ છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પાલનપુર ૬, ડીસા ૧, દાંતીવાડા ૧, કાંકરેજ ૧, વડગામ ૧ કેસ નોંધાયા હતા.

## વિકાસ અમારે પણ જોવો છે...

# અરવલ્લીના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોનો કલ્પાંત

## વાઘપુર નજીક સુખડ નદી પર પુલના અભાવે બે ગામો સંપર્ક વિહોણા બને છે

આઝાદીના ૭ દાયકાઓ પછી પણ અરવલ્લી જીલ્લાના અંતરિયાળ ગામો વિકાસથી જોજનો દૂર છે. ગતિશીલ ગુજરાત અને વાયબ્રન્ટ ગુજરાતના નામે વિશ્વમાં અને દેશમાં વિકાસશીલ રાજ્યની વાહવાહી ખાટી રહેલી સરકારે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો તરફ એક નજર કરવાની તાતી જરૂરિયાત છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના વાઘપુર ગામ નજીક પસાર થતી સુખડ નદી પર પુલના અભાવે વાઘપુર ગામ સાથે જોડાયેલા પાલ્લા અને કદવાડા ગામના ૭૦૦ થી વધુ લોકો ચોમાસામાં સુખડ નદી બે કાંઠે થતા જ સંપર્ક વિહોણા બને છે. બીમાર દર્દી કે કામકાજ અર્થે વાઘપુર સાથે સંપર્ક ધરાવતા બંને ગામના લોકોએ કમર સુધી પાણી ઉલેચી જીવના જોખમે પસાર થવું પડે છે. પુલના અભાવે દર્દીને ખાટલામાં કે પછી કપડાંની ઝોળીમાં દવાખાને લઈ જવા પડે છે. દેશભરમાં ગુજરાત મોડલ અને જ્યોતિ ગ્રામ યોજનાની શરૂઆત કરનાર ગુજરાત રાજ્યના અંતરિયાળ ગામોની દુર્દશાથી લોકો બેહાલ બન્યા છે. ગુજરાતને ગતિશીલ ગણવામાં આવે છે. દર વર્ષે થતા વાઈબ્રન્ટના અંતરિયાળ વિસ્તારો પાયાગત સુવિધાનો અભાવ જોવા મળતા અનેક લોકો વિકાસ અમારે પણ જોવો છે ની બૂમો પાડી રહ્યા છે. લોકોએ વેઠવી પડી રહી છે.

રાજસ્થાનની સરહદને અડીને આવેલા મેઘરજ તાલુકાના વાઘપુર ગામ પાસેથી પસાર થતી



આંખો આંજી દેતા કાર્યક્રમો થકી આ રાજ્ય આખા દેશમાં એક અલગ ઉમદા મોડેલ ગણવામાં આવે છે, પરંતુ આ બધી ઝાકામઝોળ એ ફક્ત દેખાવ પૂરતી રહી ગઈ છે.

આઝાદીના ૭ દાયકાના વહેણ પછી પણ ગતિશીલ ગુજરાતમાં અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટે લોકોને રઝળપાટ કરવો પડે અને પાકા માર્ગ માટે દાયકાઓ સુધી રાહ જોવી પડે, તેમજ વીજળી વગર અડધી જિંદગી પસાર થઈ જાય, આવી પાયાની જરૂરિયાતના અભાવ વચ્ચે સમસ્યાઓ આજના ડિઝિટલ યુગમાં ગુજરાતના ગામડાઓના અંતરિયાળ વિસ્તારના સુખડ નદી બે કાંઠે વહેતાની સાથે પેલે કાંઠે રહેલા પાલ્લા અને કદવાડા ગામના ૭૦૦ થી વધુ લોકો સતત ચિંતિત રહે છે કરિયાણું લાવવું હોય સસ્તા અનાજની દુકાનેથી અનાજ કઠોળ લેવાનું હોય બીમારી સમયે હોસ્પિટલ બેક્ક નાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જવાનું હોય આ તમામ સુવિધા વાઘપુર ગામ સાથે જોડાયેલ છે. ચોમાસામાં સુખડ નદીમાં પાણી આવી જતા આ બંને ગામના લોકોનો વાઘપુર સાથેનો સંપર્ક બંધ થઈ જાય છે. ખાસ બીમારી સમયે દર્દીને કમર સુધીના પાણીમાં ઉતરી ખાટલામાં નાખીને ચાર જણાં ઊંચકીને લઈ જાય ત્યારે જઈ શકાય છે, કેટલીક વખત સમયસર સારવાર ના મળવાના કારણે દર્દી મૃત્યુ પણ પામ્યા હોવાનું લોકો જણાવી રહ્યા છે. બંને ગામના લોકોની સ્થિતી ચોમાસામાં દયનિય બનતી હોય છે. સરકાર દ્વારા પુલ રસ્તાઓ માટે કરોડોનો ખર્ચ કરવામાં આવે છે છતાં આ અંતરિયાળ વિસ્તારના લોકો આ બધા લાભથી વંચિત છે અને આજે પણ આઝાદી પહેલાના સમયમાં જીવતા હોય એવા વરવા દ્રશ્યો કેમેરામાં કેદ થવા પામ્યા છે. સ્થાનિક રહીશો અને આગેવાનોએ અનેક વખત તંત્રમાં રજુઆત કરી છે પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી ત્યારે વાઘપુર પાસે આવેલ સુખડ નદી પર પુલ બનાવવામાં આવે એવી માંગ છે.

# વિશ્વકર્મા ભગવાનના મંદિરમાં ચોરી

## મેઘરજના ઉંડવા સ્થીત વિશ્વકર્મા મંદિરમાં ભગવાનના ચાંદીના મુગટ અને દાન પેટીમાંથી રોકડ ઉઠાવી તસ્કરો ફરાર

મેઘરજ, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં તસ્કરોએ માઝા મૂકી છે. જીલ્લામાં બંધ રહેણાંક મકાન, દુકાન, શાળા અને હવે મંદિરને નિશાન બનાવતી તસ્કર ટોળકીઓ સક્રિય થતા રોજબરોજ ચોરીની ઘટનાઓ ભક્તોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. વિશ્વકર્મા ભગવાનના મંદિરમાં તસ્કરો કળા કરી ગયાની જાણ મેઘરજ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથ ધરી હતી.

શનિવારે રાત્રીના સુમારે



બનતા પોલીસ પેટ્રોલિંગ સામે અનેક સવાલ પેદા કરી રહ્યા છે. તસ્કરોને ભગવાનનો પણ કોઈ ડર ના હોય તેમ મંદિરોને પણ છોડતા નથી. મેઘરજના ઉંડવા ગામે આવેલ વિશ્વકર્મા ભગવાનના મંદિરમાં તસ્કરો ત્રાટકી ભગવાનના ચાંદીના મુગટ અને દાન પેટીમાં રહેલી રોકડ રકમ લઈ રફુચક્કર થઈ જતા પૂજારી સહીત રાજસ્થાનને અડીને આવેલા ઉંડવા ગામમાં આવેલા વિશ્વકર્મા ભગવાનના મંદિરમાં તસ્કરો ત્રાટકી હાથફેરો કરી જતા તસ્કર ટોળકી સક્રિય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે. ઉંડવા ભગવાન વિશ્વકર્માના મંદિરમાં ગત રાત્રીએ પૂજારી સેવા પૂજા કરી સુઈ ગયા હતા ત્યારે મોડી રાત્રીએ મંદિરના મુખ્ય દરવાજાની લોંખડની જાળીનું તાળું તોડી મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશી ભગવાન વિશ્વકર્માના માથે શોભાયમાન બે ચાંદીના મુગટ અને દાન પેટીમાં રહેલી રોકડ રકમ મળી અંદાજે રૂપિયા ૫૦ હજારથી વધુ મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ જતા ભારે ચકચાર મચી હતી. મેઘરજ પોલીસે મંદિરમાં ચોરીની ઘટનાના પગલે દોડી જઈ રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. તસ્કરરાજમાં ભગવાન પણ સલામત ન હોવાથી લોકોમાં પોલીસતંત્રની કામગીરી સામે ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે અને નાઈટ પેટ્રોલિંગ ગ્રામ્ય વિસ્તારોમાં સઘન બનાવવા માંગ પ્રબળ બની છે.

# ધાનેરા કારગિલ હોટલ પાસે ગાડીમાં આગ

ધાનેરા કારગીલ હાઈવે પર અચાનક વાન ગાડી માં આગ લાગતા ગાડી અંદર પટેલ સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે તો બીજી તરફ કોઈ જાનહાની ન થતા તંત્રે પણ રાહતનો શ્વાસ લીધો છેધાનેરા થી ઘાનાગામે જઈ રહેલી વાન ગાડીમાં અચાનક ધાનેરા અને કારગીલ હાઈવે પર આગ લાગતાં લોકોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ ગાડી માં રહેલ ચાલક સહિત ઈસમો ટાઈમસર બહાર નીકળી જતા મોટી જાનહાનિ બચી હતી ત્યારે ગાડીમાં પડેલ સામાન સહિત ગાડી બળીને ખાખ થઈ જતા ગાડી માલિકને મોટું નુકસાન વેઠવાનો વારો આવે છે સમગ્ર ઘટનાને લઈ ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડયા હતા.

# કોરોનાનો કહેર યથાવત છતાં લોકો બેજવાબદાર

## મોડાસાના માર્ગો મોડી રાત્રે લોકોના ટોળેટોળા બાઈક સાથે ઠેર ઠેર જોવા મળતા પોલીસે ડંડો ઉગામ્યો

મોડાસા, તા. ૧૩

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાની મહામારી ખુબ જ વકરી રહી હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે. કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેમ રેપીડ ટેસ્ટમાં અનેક લોકોના કોરોના પોઝેટીવ કેસ સામે આવી રહ્યા છે. રાજ્યમાં મૃત્યુદરમાં અમદાવાદ પછી અરવલ્લી જીલ્લો બીજા ક્રમે છે. મોડાસા શહેરમાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા આ આંકડાઓ પર ઢાંકપિછોડો કરવામાં આવતો હોવાના અનેકવાર આક્ષેપ થયા છે. મોડાસા શહેરમાં કોરોના વાયરસ અંગે લોકો હજુ પણ જાગૃત નથી તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. મોડાસા શહેરમાં મોડી રાત્રે લોકો પણ બાઈક લઈ રોડની બાજુમાં, ચાની કીટલીએ, ધાબા-હોટલ પર સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડાડી માસ્ક વગર બિન્દાસ્ત ટોળેટોળા વળી એકઠા થતા હોવાની બૂમો ઉઠતા ડીવાયએસપી ભરત બસીયા પોલીસ કાફલા સાથે રાત્રે ફૂટ પેટ્રોલિંગ પર નીકળતા અને રોડ પર ટોળેવળી ગપ્પા મારતા



લોકોને ભારે નાસભાગ મચી હતી.

શનિવારે રાત્રે ૧૧ વાગ્યાના સુમારે ડીવાયએસપી ભરત બસીયા અને તેમની ટીમે મોડાસા શહેરના માલપુર રોડ, મેઘરજ રોડ, કોલેજ રોડ પર બાઈક અને વિવિધ વાહનો લઈ રખડપટ્ટી કરતા અને પાનપાર્લર, ચાની હાટડીઓ અને ધાબા-હોટલ બહાર ટોળેટોળા વળી એકઠા થયેલા લોકો સામે સરકારી ગાઈડલાઈનની અમલવારી માટે સંયમપૂર્વક ચેતવણીરૂપી કામગીરી કરતા રાત્રીના સુમારે શહેરના માર્ગો પર ભારે અફડાતફડી અને નાસભાગ મચી હતી. શહેરના સુમસામ માર્ગો પર અચાનક શહેરના મુખ્યમાર્ગો પર ભારે અફડાતફડી મચી હતી. વાહનચાલકો અને ચાલતા લોકોએ પોલીસ કાર્યવાહીથી બચવા દોટ મુકતા પોલીસતંત્રની કામગીરીથી અજાણ શહેરીજનોમાં કુતુહલ સર્જાયું હતું. શહેરના જાગૃત નાગરિકોએ ડીવાયએસપી ભરત બસીયાની કામગીરીને આવકારી હતી તો કેટલાક જાગૃત નાગરિકોએ ડીવાયએસપી ભરત બસીયાની કામગીરી સામે અનેક સવાલ પેદા કરી કોઈ પણ જાતની જાહેરાત વગર લોકોને દોડાવતા નારાજગી વ્યક્ત કરી હતી.